Rishte ka Intekhab kaise karen ?

સગપણની પસંદગી

• લેખક •

ડૉ. મુહમ્મદ ફહીમ અખ્તર નદવી

• અનુવાદ •

ઉસ્માન ખાન પઠાન

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

પ્રસ્તાવના

વર્તમાન સમાજે અસાધારણ પ્રગતિ સાધી છે. આમ છતાં તેની સમક્ષ ગંભીર પડકારો પણ ઊભા થયા છે જેમાં કૌટુંબિક વ્યવસ્થા અને તેની સાથે સંકળાયેલ સમસ્યાઓનું મહત્ત્વ સવિશેષ છે. એક બાજુ ઝડપી સામાજિક પરિવર્તન થઈ રહ્યું છે જેના પ્રવાહમાં રીત-ભાત તથા પદ્ધતિઓ અને શૈલીઓ જ નહીં વિભાવનાઓ અને વિચારસરણીઓ પણ તણાતી જઈ રહી છે. બીજી બાજુ આધુનિક ટેકનોલોજીનું ઘોડાપૂર છે જેની સારી-નરસી અસરોનો ભોગ દરેક વ્યક્તિ મને-કમને બની રહી છે. ત્રીજી તરફ એ વ્યક્તિઓ છે જે પોતાના હંગામી અને વ્યક્તિગત લાભની ખાતર સમગ્ર કોમ, સમાજ બલ્કે માનવતાને પણ પોતાના સ્વાર્થ સામે ભેટ ધરી દે છે અને સુખ-શાંતિથી વંચિત રહે છે.

આવી પરિસ્થિતિમાં ઇસ્લામી સમાજ સમક્ષ ઇસ્લામી કુટુંબ અંગે જે પણ પ્રશ્નો ઉપસ્થિત થઈ રહ્યા છે અને તેના વિષે જે પણ ગેરસમજો ફેલાવવામાં આવી રહી છે તેનું એક પાસું લગ્ન માટે સગપણની પસંદગી પણ છે. ઇસ્લામી સમાજ પોતાની નક્કર ખુદાઈ વિચારસરણી ધરાવે છે. સમગ્ર કૌટુંબિક પદ્ધતિની સર્વોત્તમ રચના માટેની સૌથી સુંદર રૂપરેખા અને વ્યવહારિક નમૂનો ધરાવે છે. તેની પાસે આ પદ્ધતિને સુરક્ષિત રાખવા માટેનું અત્યંત સંતુલિત માર્ગદર્શન પણ છે. તેમ છતાં પશ્ચિમે પોતાની વિશિષ્ટ રૂપ-રેખાથી ઇસ્લામી કુટુંબના આ પાસા ઉપર ઘા કર્યો છે જેના પરિણામો હવે દેખાવા પણ લાગ્યા છે. પતિ-પત્નીની પસંદગીના માપદંડ અને પદ્ધતિ શું હોવા જોઈએ અને આ અંગે ઇસ્લામનું ખુદાઈ માર્ગદર્શન અને માનવતાના ઉપકારક હઝરત મુહમ્મદ સ.અ.વ.નું શિક્ષણ શું છે તેના વિષે આ પુસ્તિકામાં પ્રકાશ પાડવાની એક નમ્ર કોશિશ કરવામાં આવી છે. જો મુસલમાનો પોતે સગપણની પસંદગીમાં ઇસ્લામી શિક્ષણનું પાલન કરશે તો એક ખુશાલ અને મજબૂત પરિવારનું નિર્માણ થશે. અલ્લાહ તેનો સ્વીકાર કરે, આમીન.

શકીલઅહમદ રાજપૂત

પ્રમુખ, ઇસ્લામી સાહિત્ય પ્રકાશન

સગપણની પસંદગી કઈ રીતે કરવી?

જીવનમાં વિવાહનો દિવસ અત્યંત મહત્ત્વનો હોય છે, કારણ કે આ દિવસથી એના નવા જીવનની શરૂઆત થાય છે. આ જ દિવસે એક નવા કુટુંબનો પાયો પણ નંખાય છે. લગ્નના દિવસે અડધું ઈમાન પણ પૂર્ણ થાય છે. લગ્ન-દિવસથી એક એવા સંબંધની શરૂઆત થાય છે જેના કરતાં વધુ નજીક બીજો કોઈ સંબંધ નથી હોતો. આ સંબંધની મર્યાદામાં શારીરિક, માનસિક સંતોષ અને હૃદય તથા દૃષ્ટિનું રક્ષણ કરવાની સામગ્રી પણ ઉપલબ્ધ થઈ જાય છે.

આ તમામ બાબતોના કારણે વિવાહનો દિવસ ખૂબ મહત્ત્વ ધરાવે છે. પરંતુ આના કરતાં ઘણું વધુ મહત્ત્વ એક બીજી બાબતનું છે બલ્કે વિવાહના દિવસનું સમગ્ર મહત્ત્વ પણ આ જ બાબત ઉપર આધાર રાખે છે અને એ બાબત છે જીવન સાથીની પસંદગી. આ પસંદગીના પાયા ઉપર જ લગ્નની સુંદર ઈમારતનું ચણતર થાય છે. આ પાયો જો યોગ્ય હશે તો લગ્નની ઈમારત પણ સુંદર અને મજબૂત બનશે અને જો તે નબળો હશે તો સંજોગોના તડકા-છાંયડામાં એ ઈમારત હચમચી ઊઠશે. મુશ્કેલી અને મતભેદોના વંટોળમાં તે ધરાશયી પણ થઈ શકે છે. આ જ કારણે લગ્ન માટે જીવન સાથીની પસંદગી લગ્નના દિવસ કરતાં પણ વધુ મહત્ત્વપૂર્ણ છે. તેથી જ આ પસંદગી ખૂબ સમજી-વિચારીને કરવી જોઈએ.

જીવન-સાથીની પસંદગીનું મહત્ત્વનું કારણ એ પણ છે કે તે સમગ્ર જીવન માટે હોય છે. આ જ કારણે તેને જીવન-મિત્ર અથવા જીવન-સાથી પણ કહેવામાં આવે છે. જો આપણે વિચાર પણ કરીએ તો જણાશે કે માનવી પોતાના દરેક કાર્યમાં પસંદગીની પદ્ધતિ અપનાવે છે. ખાન-પાનની વસ્તુઓની પણ પસંદગી કરવામાં આવે છે, પોષાક અને સુશોભન માટે પણ પસંદગી કરવામાં આવે છે, રહેઠાણ અને તેની સાધન-સામગ્રી માટે પણ પસંદગી કરવામાં આવે છે. જો કે આ વસ્તુઓ એક જ પ્રસંગ માટે, ક્યારેક અમુક દિવસ માટે, અને ક્યારેક

અમુક સમયગાળા માટે હોય છે. તેમ છતાં આ વસ્તુઓને સારી રીતે જોવા-પારખવામાં આવે છે, તેના વિષે પુષ્કળ માહિતી એકત્ર કરવામાં આવે છે અને ખાસ તો એ જોવામાં આવે છે કે આ વસ્તુઓ નુકસાનથી સુરક્ષિત છે અને કાયમી ઉપયોગિતા ધરાવે છે. હંગામી વસ્તુઓની પસંદગી કરવામાં જો આટલી કાળજી લેવામાં આવતી હોય તો જીવન-સાથીની પસંદગીમાં કેટલી ઊંડી ચર્ચા-વિચારણા અને સમીક્ષા-તપાસની જરૂરિયાત છે તે સમજી શકાય એવી બાબત છે. આ બાબત એક એવી વ્યક્તિની પસંદગી સાથે સંકળાયેલી છે જે સમગ્ર જીવન માટે રહસ્યોની ભાગીદાર અને મિત્ર બનવાની છે. જે જીવન-યાત્રામાં તેના દરેક સુખ-દુ:ખમાં સાથ આપનારી છે, અને જેની સાથે સવાર-સાંજની એક એક ક્ષણ પસાર થશે અને જે બન્ને મળી બે શરીર અને એક આત્મા બની જીવન પસાર કરશે.

લગ્ન કાયમી હોય છે. વિવાહ જો કે પતિ-પત્ની વચ્ચે એક કરાર છે પરંતુ આ કરાર આજીવન હોય છે અને ઇસ્લામ પણ એવું જ ઇચ્છે છે. તે વિવાહને અત્યંત પાકું અને મજબૂત બંધન ગણાવે છે. કુર્આનિ કરીમમાં લગ્ન વિષે કહેવામાં આવ્યું છે : " અને તેઓ તમારાથી પાકું વચન લઈ ચૂકી છે." *(સૂર: નિસા-૨૧)*

રસૂલે કરીમ સ.અ.વ.દ્વારા આપણને જે શીખ આપવામાં આવી છે તેમાં એક બાબત એ છે કે નિકાહનું બંધન મજબૂત હોવું જોઈએ અને લગ્નમાં સુમેળ-સંવાદિતા અને મજબૂતી જળવાઈ રહેવા જોઈએ. હવે જ્યારે વિવાહ આજીવન હોય તો સગપણ માટેની પસંદગી પણ એ જ પ્રમાણે કરવી જોઈએ.

અહીં કોઈને પણ એ પ્રશ્ન થશે કે આ પસંદગી કરવી કઈ રીતે કે જેથી તે આજીવન ટકી રહે ? પસંદગી વખતે કઈ બાબતો દૃષ્ટિ સમક્ષ રાખવી જોઈએ ? અને તેનું ધોરણ શું હોવું જોઈએ કે જેના કારણે સંબંધ ટકાઉ બની રહે.

આપણા સમાજ ઉપર જો દૃષ્ટિપાત કરીએ અને આજુ-બાજુ નજર દોડાવીએ તો જણાશે કે સગપણ પસંદ કરવા માટે અમુક બાબતો ધ્યાનમાં લેવાય છે. સામાન્ય રીતે સૌ પ્રથમ કુળ અને જ્ઞાતિ-બિરાદરી જોવામાં આવે છે અને સામાન્યત: એક જ બિરાદરી-જ્ઞાતિમાં સંબંધો માટે શોધખોળ કરવામાં આવે છે. અને એમાંથી આવતા સંબંધોને જ પ્રાથમિકતા આપવામાં આવે છે. જો કે જે લોકો ઇસ્લામી આંદોનલ સાથે સંકળાયેલા છે અને આંદોલનના ધ્યેયની સંપૂર્ણ સભાનતા ધરાવે છે એવા વર્તુળમાં આ પ્રતિબંધથી ઉપર ઊઠીને સગપણ બાંધવાના

ઉદાહરણો પણ જોવા મળે છે.

બીજું એ જોવામાં આવે છે કે જીવન-નિર્વાહ (ગુજરાન)નું સાધન શું છે? સારી નોકરી અને સદ્ધર આર્થિક પરિસ્થિતિને પસંદગીનું માપદંડ બનાવવામાં આવે છે.

ત્રીજી બાબત સૌંદર્યની છે. સારી મુખાકૃતિ, વાન અને સ્વરૂપ પણ સંબંધની પસંદગીના આધાર બને છે.

ચોથી બાબત શિક્ષણ, સંસ્કાર અને સામાજિક હૈસિયત કે દરજ્જાને આપવામાં આવે છે. જો ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત, સંસ્કારી અને સમાજમાં પ્રતિષ્ઠા ધરાવતા હોય તો તેના આધારે સગપણની પસંદગી કરવામાં આવે છે. આ ચારેય બાબતો પૈકી સૌથી વધુ મહત્ત્વ ધન-સંપત્તિને આપવામાં આવે છે. પરંતુ આપણે જો વિચારીએ તો આ બાબતો સગપણને ટકાઉ બનાવવામાં થોડું મહત્ત્વ તો ધરાવે છે પરંતુ માત્ર આ જ બાબતોના કારણે પસંદગી પરિપકવ બનતી નથી. જો કે આ પ્રકારની બાહ્ય વસ્તુઓના આધારે સગપણ પસંદ કરવાનું ધોરણ પુરાતનકાળથી ચાલતું આવ્યું છે. રસૂલે કરીમ સ.અ.વ.એ પોતે પણ એક પ્રસંગે બતાવ્યું છે કે સગપણ પસંદ કરવામાં લોકો કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખે છે. ત્યાર બાદ આપ સ.અ.વ.એ કથીરને કંચન બનાવવાનો નુસ્ખો બતાવ્યો જે સગપણમાં કાયમીપણાની બાંહેધરી આપે છે, અને ખરેખર એ જ બાબત પસંદગીનું માપદંડ હોવું જોઇએ.

"સ્ત્રી સાથે નિકાહ ચાર બાબતો નજર સમક્ષ રાખીને કરવામાં આવે છે. સ્ત્રીનું ધન, તેના કુળ-વંશ, તેના રૂપ-સૌંદર્ય અને એની ધાર્મિકતા-દીનદારી. તો તમે દીનદાર મહિલાને પસંદ કરી લઈ જાઓ, તમારા બન્ને હાથ ભીંજાયેલા રહેશે." *(બુખારી, હદીસ નં-૪૭૦૦)*

રસૂલુલ્લાહ સ.અ.વ.ની આ હદીસ દર્શાવે છે કે લોકો નિકાહમાં કુળ, વંશ, સૌંદર્ય અને દીનને જુએ છે. ત્યાર પછી એમણે બતાવ્યું કે દીનને પસંદગીનું ધોરણ બનાવવું એ સફળતાની દલીલ છે.

આ દીનદારી શું છે જે અપનાવવાની શીખ આપણા સૌના અને માનવતાના શુભેચ્છક, અલ્લાહના રસૂલ સ.અ.વ.એ અલ્લાહના માર્ગદર્શનના આધારે આપી છે. આ કોઈ પ્રમાણપત્ર નથી જે કોઈ શાળા અને શૈક્ષણિક સંસ્થામાંથી મેળવી

લઈ શકાય. ખાનદાની શ્રેષ્ઠતા પણ નથી જે વંશ પરંપરાગત ઊતરી આવતી હોય. આવી કોઈ ડિગ્રી અથવા કોઈ કૌટુંબિક વિશિષ્ટતા દીનદારીની બાહ્ય ઓળખ તો હોઈ શકે છે પરંતુ એ જ ઇચ્છિત ધ્યેય હોય એ જરૂરી નથી. રસૂલ સ.અ.વ.એ જે દીનદારીની વિશિષ્ટતાને અપનાવવાની વાત કરી છે તે માનસિકતા, વિચારસરણી અને ચારિત્ર્ય અને આચરણનો સમૂહ છે. આ સમૂહ શિક્ષણ અને કેળવણી બન્નેના બીબામાં ઢળી તૈયાર થાય છે. હવે જોઈએ કે દીનદારીની ખુદ માનવતાના શિક્ષક અને ઉપકારકે શી વ્યાખ્યા કરી છે. એક હદીસના શબ્દો છેઃ "દુનિયા મતાઅ (જંગમ મિલ્કત) છે અને દુનિયાની સૌથી શ્રેષ્ઠ મતાઅ સદાચારી મહિલા છે." *(મુસ્લિમ, હદીસ નં. ૨૬૬૮)*

આ સદાચાર અને નેકી શું છે? હઝરત અબૂ ઉમામહ રદિ. કહે છે કે રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું : "મો'મિને અલ્લાહની બીક પછી એવો કોઈ લાભ નથી મેળવ્યો જે નેક અને સદાચારી પત્ની કરતાં વધુ સારો હોય. જો તે પત્નીને આદેશ આપે તો તેનું પાલન કરે, તેના ભણી જુએ તો તેને પ્રસન્ન કરી મૂકે, તેના માટે સોગંદ ખાઈ લે તો પૂરા કરી દે, અને તે ક્યાંક જતો રહે તો સ્ત્રી પોતાની જાત અને પતિની મિલ્કત બન્નેમાં શુભેચ્છાનું વલણ અપનાવે" *(ઇબ્ને માજહ હદીસ નં. ૧૮૪૭)*

દીનદારની આ સ્પષ્ટતા સ્ત્રીના ચારિત્ર્ય અને વિશિષ્ટતા અંગેની છે. પુરુષના ચારિત્ર્યમાં દીનદારીના ક્યા તત્વો હોવા જોઈએ તે પણ હવે રસૂલુલ્લાહ સ.અ.વ.ની પવિત્ર હદીસમાં જોઈએ. આપ સ.અ.વ.એ ફરમાવ્યુંઃ "સૌથી સંપૂર્ણ ઈમાન એ મો'મિનનું છે જેનું ચારિત્ર્ય સારું હોય અને તમે પુરુષોમાં સારા એ છે જેઓ પોતાની સ્ત્રીઓ માટે સારા હોય." *(તિર્મિઝી, હદીસ નં. ૧૦૮૨૦)*

એક વાર ફરમાવ્યું : "મુહમ્મદના ઘરમાં ઘણી મહિલાઓએ આવીને પોતાના પતિઓની ફરિયાદ કરી છે. સાંભળી લો કે આવા પતિ સારા લોકો નથી." *(અબૂ દાઊદ, હદીસ નં.૧૮૩૪)*

બીજી એક હદીસમાં પત્નીના અધિકારો વર્ણવતાં ફરમાવ્યું : "તમે જે ખાઓ એ તેને ખવડાવો, જે પહેરો તે એને પહેરાવો, અને એના ચહેરા ઉપર ન મારો, તેને ખરું-ખોટું ન સંભળાવો અને ગુસ્સામાં એને ઘરની બહાર કાઢી ન મૂકો." *(અબૂદાઊદ, હદીસ નં. ૧૮૩૦)*

દીનદારીના આ ગુણો ચારિત્ર્ય અને ચિંતનનો એ સમૂહ છે જેને સગપણ પસંદ કરવા માટે માપદંડ બનાવવાની શીખ રસૂલુલ્લાહ સ.અ.વ.એ આપી છે અને આ જ સત્ય નિકાહના સંબંધને ટકાઉ બનાવે છે. પસંદગી ટકાઉ બની રહે એ માટે અન્ય ખૂબી અને ગુણો ઉપરાંત દીનદારીના ગુણને પ્રાથમિકતા આપવી

જોઈએ. આ ગુણની અવગણના કરી બીજા ગુણોની શોધખોળ ન કરવી જોઈએ. સૌ પ્રથમ દીનદારીના ગુણ અંગે ખાતરી થઈ જાય ત્યાર બાદ અન્ય સદ્‌ગુણોની શોધખોળ કરવી જોઈએ.

સગપણ અગાઉ શું કરશો ?

આપણા સમાજમાં લગ્ન સંબંધ નક્કી કરતાં અગાઉ કુટુંબના વડીલો એકબીજા વિષે માહિતી મેળવી લેતા હોય છે. ત્યાર બાદ છોકરા-છોકરીને જોવાની વિધિ અદા કરવામાં આવે છે. કુટુંબ અને સંબંધીઓ વચ્ચે સગપણ માટેની વાતચીત ચાલતી હોવાના સમાચારો વહેતા મૂકવામાં આવે છે અને બન્ને પક્ષે સંતોષ થઈ ગયા પછી સગપણ પાકું કરવામાં આવે છે. આ અગાઉ જે છોકરી સાથે લગ્ન થવાના હોય એને જોવાની પ્રથા લગભગ નહિંવત હતી. આવી જ રીતે છોકરી પણ પોતાના ભાવિ પતિને જોઈ લે તેવી પ્રથા ન હતી. આ તમામ તબક્કાઓ કુટુંબના વડીલો જ પરસ્પર કરતા હતા અને માતા-પિતાએ નક્કી કરેલા સંબંધો-સગપણ દીકરા-દીકરી માટે અંતિમ શબ્દની હૈસિયત ધરાવતા હતા. અને આજ્ઞાંકિત સંતાન માતા-પિતાએ નક્કી કરેલ આ સંબંધને આજીવન જાળવતા. બાળકો માનસિક અને વ્યવહારિક રૂપે એ નિકાહને સ્વીકારી લઈ તેના તકાદાઓને સારી રીતે અદા કરતા. ત્યાં સુધી આ સંબંધમાં કોઈ વાંધો ન હતો. જ્યારે ફોટોગ્રાફી અને ચિત્રકળાનો ફેલાવો થયો તો ફોટો મોકલવાની પદ્ધતિ પણ શરૂ થઈ ગઈ. વર પક્ષવાળા કન્યાપક્ષનો ફોટો મંગાવે છે અને પસંદ પડતાં વિધિવત્ કન્યાના ઘરે જઈ સગપણને પાકું કરવાની વિધિ પૂર્ણ કરવામાં આવે છે. જો ફોટો શરીઅતે નક્કી કરેલ હિજાબની મર્યાદામાં હોય તો સગપણ કરવા માટેની ઈચ્છા ધરાવનારને તે આપવામાં કોઈ વાંધો નથી. મોટા મોટા શહેરોમાં હવે ફોટો સાથે વ્યક્તિગત વિગતો-બાયોડેટા (Bio-Data) પણ મોકલવામાં આવે છે અને તેમાં પણ કાંઈ વાંધાજનક નથી.

આ તો સામાજિક પ્રથાની વિગતો છે જે માનવીય અનુભવના આધારે અપનાવવામાં આવે છે. આના અમુક લાભ છે તો ક્યાંક અનુચિત સખ્તી વખતે નુકસાનની શકયતાઓ પણ ઉપસ્થિત થાય છે. આવા સામાજિક રિવાજો અને પ્રથાઓના કારણે શરીઅતની મર્યાદાઓનો ભંગ થતો ન હોય તો તેને

અપનાવવામાં કોઈ વાંધો હોઈ શકે નહીં. પરંતુ શરીઅતનો આશય નિકાહના બંધનને સંવાદિતાપૂર્ણ અને કાયમી બનાવવાનો છે. આથી તેણે જે પગલાં સૂચવ્યા છે તેની ઉપર પણ એક દૃષ્ટિપાત કરીએ.

પ્રકૃતિના તકાદાઓ પૂર્ણ કરવા માટે ઈસ્લામ જે વલણ અપનાવે છે તે સ્વાભાવિક છે અને તેમાં સુવિધા અને મોકળાશ પણ છે. અયોગ્ય સખ્તાઈને તેણે યોગ્ય નથી ગણી અને સાથો સાથ કુદરતી તકાદાઓને કચડવાનો માર્ગ પણ નથી અપનાવ્યો. તેણે મધ્યમ માર્ગ અપનાવ્યો છે અને સમાજમાં અશ્લીલતા પેસી ન જાય અને પાકદામની-ઈજ્જત અને શીલની રક્ષા થાય એ બાબત તેણે ધ્યાનમાં રાખી છે. ખોટા રસ્તે લઈ જનારા માર્ગો ઉપર તેણે પ્રતિબંધ મૂક્યો છે. આવી જ રીતે જેના કારણે ક્ષણિક આનંદ પછી કાયમી મુસીબત અને અનંત મુશ્કેલીઓ આવી પડે તેવા માર્ગે જવા ઉપર પણ તેણે અગાઉથી જ પ્રતિબંધ મૂકી દીધો છે.

નિકાહનો સંબંધ સુમેળપૂર્ણ અને કાયમી બની રહે તે માટે માનવતાના તબીબ અને માનવ માર્ગદર્શકે પાયાની બે બાબતો તરફ આપણું ધ્યાન દોર્યું છે. સગપણ બાંધતાં પહેલાં આ બાબતોને અપનાવવામાં આવે તો બન્ને પક્ષોને સંતોષ થઈ શકે છે. આના કારણે સગપણમાં પરિપકવતા અને કાયમીપણું આવે છે.

પોતાની મંગેતર (Fiancee)ને જોઈ લો

પ્રથમ બાબત તો એ છે કે છોકરો પોતાની એ વાગદત્તાને જોઈ શકે છે જેની સાથે એ જીવન પસાર કરવાનો કરાર કરવા માંગે છે. રસૂલુલ્લાહ સ.અ.વ.એ હઝરત મુગીરહ બિન શોઅબા રદિ.ને એ સલાહ આપી હતી કે તમે જે છોકરીને નિકાહનો પૈગામ મોકલ્યો છે તેને જઈને જોઈ લો, કારણ કે અગાઉથી જોઈ લેવાના કારણે તમારા હૃદયને સંતોષ થશે અને તમે બન્ને સંતુષ્ટ થઈ સુમેળપૂર્ણ જીવન પસાર કરશો. આપ સ.અ.વ.એ ફરમાવ્યું :

"તમે જઈને એ છોકરીને જોઈ આવો, આ બાબત એ માટે વધુ યોગ્ય છે કે તમારા બન્ને વચ્ચે (સંબંધો-સગપણમાં) કાયમીપણું જળવાઈ રહે."

(તિર્મિઝી, હદીસ નં. ૧૦૦૭)

એક હદીસમાં આ રીતે કહેવામાં આવ્યું છે કે "છોકરી વિષે એવી બાબતો

જોઈ લો જે તમને એની સાથે નિકાહ કરવા માટે તૈયાર કરી દે." *(અબૂદાઊદ)*

આ માર્ગદર્શનમાં એ મોકળાશ તો છે જ કે છોકરીનો ચહેરો જોઈ શકાય છે. આની સાથો સાથ આમાં આ વાતની પણ છૂટ છે કે છોકરી વિષે એવી માહિતી અને વિગતો પણ મેળવી શકાય છે જે મેળવ્યા પછી તેની સાથે નિકાહનો સંબંધ સંપૂર્ણ મનના સંતોષ સાથે અને સમજી-વિચારી બાંધી શકાય. ઘણી વાર એવું બને છે કે કોઈ નાનકડી વાત અથવા સ્વરૂપ અને શારિરીક દેખાવ વિષેની કોઈ બાબત જેની જાણ નિકાહ અગાઉ ન હોય અને તે પછીથી જ્યારે જાણમાં આવે છે તો તેના કારણે છોકરી અપ્રિય બની જાય છે અને સંબંધોમાં તિરાડ પડવા લાગે છે. આ જ વાતની જો અગાઉથી જાણ હોત તો હૃદયને સંતોષ થાત. અપ્રિય થવાની આવી બીકનું નિવારણ કરવા માટેનું માર્ગદર્શન પણ રસૂલે કરીમ સ.અ.વ.ની હદીસમાં મળી રહે છે. આપ સ.અ.વ.એ એક સહાબીને જણાવ્યું કે અન્સારના કબીલાની સ્ત્રી સાથે લગ્ન કરવાનો ઈરાદો ધરાવતા હોવ તો એ વાત સમજી લો કે એમની આંખોમાં આવું આવું હોય છે. તમે સગપણ બાંધતા અગાઉ આ બાબતે ખાતરી કરી લો. હદીસના શબ્દો આ પ્રમાણે છે:

"એક વ્યક્તિ અલ્લાહના રસૂલ સ.અ.વ. સમક્ષ આવી અને જણાવ્યું કે મેં એક અન્સારી મહિલા સાથે લગ્ન કરી લીધાં છે. આપ સ.અ.વ.એ ફરમાવ્યું કે શું તમે એને જોઈ લીધી છે? કારણ કે અન્સારી છોકરીઓની આંખોમાં એક વાત હોય છે (કોઈ દોષ હોય છે.)" *(મુસ્લિમ, હદીસ નં. ૨૫૫૩)*

છોકરીની મરજી વિરુદ્ધ લગ્ન યોગ્ય નથી

બીજી બાબત છોકરી સાથે સંબંધિત છે. નિકાહનો સંબંધ નક્કી કરવામાં છોકરીના અભિપ્રાયને વિશેષ મહત્ત્વ છે. જે છોકરી પોતાના માતા-પિતાનું ઘર, પોતાનો મહોલ્લો, પાડોશ, વાતાવરણ અને બાળપણના સુંદર સંસ્મરણોના ભૂતકાળને છોડી એક એવા ઘરમાં જવાની હોય જે તેના માટે અજાણ્યું છે, એક એવી વ્યક્તિ સાથે ક્ષણે-ક્ષણનું જીવન વિતાવવાની છે કે જે અત્યાર સુધી અજાણી હતી તેના માટે એ અત્યંત જરૂરી છે કે તે પોતાના ભાવિ પતિ અને ઘર વિષે માનસિક દૃષ્ટિએ તૈયાર થઈ જાય. અને ખાતરી કરી લે. રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું : સૈયિબહ (જેના લગ્ન અગાઉ થઈ ચૂક્યા હોય)પોતાની બાબતમાં

પોતાના વાલી કરતાં એ બાબતનો વધુ હક્ક ધરાવે છે (કે પોતાના લગ્નનો નિર્ણય પોતે લે) અને કુંવારિકાની સંમતિ મેળવવામાં આવશે, અને તેનું મૌન તેની સંમતિ ગણાશે. *(તિર્મિઝી, હદીસ નં.૧૦૨૬)*

રસૂલે અકરમ સ.અ.વ.ની આ હદીસ ઉપરથી એ બાબત સ્પષ્ટ થાય છે કે નક્કી કરતાં અગાઉ છોકરીની સંમતિ લેવી આવશ્યક છે. તેની સાથે સલાહ-મસ્લત કરવામાં આવશે અને આમ કરતાં અગાઉ એની સમક્ષ તમામ વિગતો રજૂ કરવામાં આવશે. આ બાબતે છોકરીનો અભિગમ જ અંતિમ અને નિર્ણાયક ગણાશે. રસૂલે અકરમ સ.અ.વ.નું આ માર્ગદર્શન નૈતિક આદેશ માત્ર નથી બલ્કે શરીઅતના કાનૂની આદેશની હૈસિયત ધરાવે છે. કારણ કે જો છોકરીની સંમતિ કે મરજી ન હોય અને તે સગપણને સ્વીકારવાની ના પાડી દે તો કાનૂની દૃષ્ટિએ એ નિકાહ યોગ્ય ગણાશે નહીં.

આ ઉપરાંત છોકરીની મરજી અને સલાહ-સૂચનના આધારે જે સગપણ નક્કી થશે તે ટકાઉ બનશે જે નિકાહનો હેતુ પણ છે. છોકરીની મરજી વિરુદ્ધ તેની ઉપર ઠોકી બેસાડવામાં આવેલ સગપણ ભયંકર દુષ્પરિણામો લાવનાર બની શકે છે. આ પરિણામો ઇસ્લામી શરીઅત માટે હરગિજ સ્વીકાર્ય બની શકે નહીં. તેથી જ તે એ આદેશ આપે છે કે સગપણ નક્કી કરવામાં છોકરીની મરજી જાણી લેવી જોઈએ કારણ કે સગપણનો તડકો-છાંયડો તો આખરે તેણે જ વેઠવાનો છે.

રસૂલુલ્લાહ સ.અ.વ.એ ચીંધેલી આ બન્ને બાબતો નિકાહના સગપણને કાયમી બનાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ બન્ને બાબતો અવશ્ય ધ્યાનમાં રાખવી જોઇએ જેથી ભાવિ સગપણ બન્ને માટે સંતોષપ્રદ, સુમેળપૂર્ણ અને ટકાઉ બની શકે.

પસંદગીના ધોરણોમાં બગાડ

પસંદગીના ઇસ્લામી ધોરણોની ચર્ચા પછી, આવો જોઇએ કે આપણી પસંદગી આ ધોરણો સાથે કેટલી હદે સુસંગત છે. જીવનના સામાજિક માળખામાં થઈ રહેલા ઝડપી પરિવર્તનના પ્રભાવ હેઠળની આપણી પસંદગીનું ધોરણ કેટલું લાભદાયક છે અને કેટલું નુકસાનકારક? વળી ઇસ્લામી સંસ્કારો

અને શિક્ષણ સાથે તે કેટલા અંશે સુસંગત છે ?

જો આપણે ધ્યાનપૂર્વક જોઈએ તો જણાશે કે સગપણની પસંદગી અને તે નક્કી કરવામાં બે ત્રણ બાબતોમાં આપણે ખોટા માર્ગે ચાલી નીકળ્યા છીએ અને તેના પરિણામે જે વિનાશ થશે તેની જાણ કોઈને નથી. પરંતુ આવા સગપણના ભયંકર પરિણામો હવે દેખાવા લાગ્યા છે અને સમાજ ચીસ પાડી ઊઠ્યું છે.

પહેલી બાબત તો એ કે આપણે રસૂલુલ્લાહ સ.અ.વ.ના ડહાપણયુક્ત માર્ગદર્શનને કોરાણે મૂકી પશ્ચિમમાંથી આયાત કરેલ પસંદગીનું ધોરણ અપનાવ્યું છે. અને ધન તથા સામાજિક દરજ્જાને મહત્ત્વ આપ્યું છે અને દીનદારીના ગુણોને પાછા હડસેલી દીધા છે. ધન-સંપત્તિ અને સામાજિક દરજ્જો બન્ને હંગામી વસ્તુઓ છે. તે ટકી પણ રહે છે અને જતા પણ રહે છે. જ્યાં ધન-સંપત્તિ અને સામાજિક દરજ્જાના આધારે પસંદગી કરવામાં આવે છે ત્યાં પ્રેમ ધન-સંપત્તિ ધરાવનારના વ્યક્તિત્વ સાથે નહીં બલ્કે ધન અને સામાજિક દરજ્જા સાથે થઈ જાય છે. આ સંજોગોમાં પતિ-પત્ની વચ્ચે સાચા પ્રેમ અને સંબંધો કઈ રીતે પાંગરી શકે છે ? આ ઉપરાંત આ પસંદગીના ધોરણના ચલણના કારણે જુઠ્ઠાણાનો આશ્રય લેવામાં આવે છે. પોતાની હૈસિયતનો દેખાવ જાળવવા ખોટા દેખાડાનો આશ્રય લેવામાં આવે છે અને પોતાની હૈસિયત કરતાં પણ વધુ ક્યારેક ખોટા માર્ગે અને ક્યારેક કરજ લઈને દૌલતનો દેખાડો કરવાની કોશિશ થાય છે. આ આધારો પોકળ હોવાના કારણે ઝડપથી જમીનમાં ખૂંપવા લાગે છે. આવા સંબંધો તૂટવાની અણી પર હોય છે અને પાયો ધસી જતાં ધરાશયી થઈ જાય છે. દરેક સ્થળે સમાજમાં આવી બાબતો જોવા મળે છે.

બીજું સહ-શિક્ષણવાળા સમાજે એવી બદીને જન્મ આપ્યો છે કે જેની વિનાશક અસરોની આગમાં સમગ્ર સમાજ બળી રહ્યો છે. આ બદી છે જાતીયતાની. એવું જણાય છે કે પશ્ચિમે ઇરાદાપૂર્વકની યોજના હેઠળ આધુનિક સંસ્કૃતિના નામે આધુનિક પ્રસાર-પ્રચાર માધ્યમો ફેશન, મનોરંજન અને જાહેરાતની ઝુંબેશો વડે સેક્સ અને જાતીયતા આપણા સમાજ ઉપર ઠોકી બેસાડી છે. મુસ્લિમ સમાજને પણ આ દુર્ગંધયુક્ત ખાઈમાં ધકેલવા માટે જબરજસ્ત પ્રયત્નો થઈ રહ્યાં છે. આ બદી હવે સગપણની પસંદગીનું પણ પ્રેરકબળ બનવા લાગી છે. શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રચલિત સહશિક્ષણના વાતાવરણમાં અને અન્ય સ્થળોમાં પણ

નવયુવાન છોકરા-છોકરીઓ જાતીય આવેગ હેઠળ પરસ્પર સગપણ નક્કી કરી લે છે, અને ક્યારેક માતા-પિતાને સમજાવી અને કયારેક એના વિના પણ લગ્ન કરી લે છે. આવા લગ્નો હવે મોટા શહેરોમાં સામાન્ય બનતા જઈ રહ્યાં છે. આવા સગપણમાં ગંભીર સમજ કે વિચારણા અને ટકાઉપણું હોતું નથી. મોટા ભાગે તો તેઓ જાતીય આવેગનો ભોગ બની એકબીજાના કુટુંબની વિગતોથી પણ માહિતગાર હોતા નથી. એટલું જ નહીં બલ્કે તેઓ પોતે એકબીજાના સ્વભાવ અને રસ-રુચિથી પણ વાકેફ હોતા નથી. આવા સગપણોમાં સામાન્ય રીતે એવું જોવા મળે છે કે જ્યારે જાતીય આવેગનું આકર્ષણ શાંત પડી જાય છે ત્યારે નાની નાની બાબતો ઉપર મતભેદો શરૂ થઈ જાય છે, જે વધતાં વધતાં ભયંકર નફરત અને વેર-વૃત્તિનું સ્વરૂપ ધારણ કરી લે છે. હવે તેમાં લગ્ન-જીવનના સુમેળભર્યા પ્રેમનું સ્થાન ભયંકર દુશ્મનાવટ લઈ લે છે. પછી બાબત કોર્ટ અને કેસ સુધી અને ક્યારેક શોષણ, ખૂનામરકી અને લૂંટફાટ સુધી પહોંચી જાય છે. આવા બનાવો હવે તો એટલા સામાન્ય બની ગયાં છે કે ભાગ્યે જ કોઈ વિસ્તાર તેમાંથી બાકાત રહ્યો છે. આવા ભયંકર પરિણામોથી બચવા માટે ઈસ્લામે લગ્ન ગંભીર વિચાર-મનન કર્યા પછી અને મજબૂત આધારો ઉપર સ્થાપવાની શિખ આપી છે. ઈસ્લામે એવી તીવ્ર ઉત્તેજના પેદા થવાના માર્ગો પણ બંધ કરી દીધાં છે જેથી સમાજ વિઘટનથી બચી શકે. આ ઉપરાંત માનવ-સમાજ પોતાની યુવા પેઢીના કીમતી ધન અને તેમની રચનાત્મક શક્તિઓથી પણ વંચિત ન રહે.

લગ્ન સંબંધ માટે જાતીય આવેગને આધાર બનાવવાનું કૃત્ય પાશ્ચાત્ય વિચાર-સરણીનું પરિણામ છે. પૂર્વના સમાજનો આ ભાગ નથી. ઈસ્લામ અને તેના પવિત્ર શિક્ષણમાં વિશ્વાસ ધરાવનારાઓએ તો એની સાથે દૂરનો પણ સંબંધ રાખવો જોઈએ નહીં. મુસ્લિમ યુવક-યુવતીઓએ આખિરતનો વિચાર કરી તથા મો'મિન જેવા ડહાપણને અનુલક્ષીને એવી સુસંગત દરેક યુક્તિ અપનાવી જોઈએ જેથી તેઓ આ ધૃણાસ્પદ અશ્લીલતાથી સુરક્ષિત રહી શકે અને તેણે ભેટ આપેલા એઈડ્સ જેવા ભયંકર અને વિનાશક રોગથી પણ તેઓ મુક્ત રહી શકે. આ બાબતમાં રસૂલુલ્લાહ સ.અ.વ.ની આ શિખ અને આદેશ દરેક સંજોગોમાં દૃષ્ટિ સમક્ષ રાખવાની જરૂર છે.

"કદાપિ કોઈ પુરુષ કોઈ અજાણી સ્ત્રી સાથે એકાંતમાં ન રહે, કારણ કે ત્યાં ત્રીજો શેતાન હોય છે." *(તિર્મિઝી)* યુવાન અને યુવતીની વ્યક્તિગત મુલાકાત અને એકાંતને શરીઅતના કાનૂને હરામ ઠેરવ્યાં છે અને તેણે આ બાબતની પરવાનગી નથી આપી.

આના જેવી જ એક બીજી બદી અમુક વર્તુળોમાં પ્રવેશી ચૂકી છે જેમાં યુવક અને યુવતીઓ પરસ્પર વ્યક્તિગત મુલાકાતો કરે છે, હરે-ફરે છે, અને એકબીજાને સમજવાની કોશિશ કરે છે. ફોન અને મોબાઈલના આ યુગમાં કલાકો સુધી એકબીજા સાથે વાતો કરે છે. અને મજાક-મશ્કરીની તમામ સીમાઓ ઓળંગી જાય છે. ક્યાંક તો આવી છૂટ માતા-પિતા પોતે જ આપતા હોય છે, અને તેઓ પોતે જ આની તક પૂરી પાડીને પ્રોત્સાહન આપે છે. આ અંગે એ વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે શરીઅતની મર્યાદામાં રહીને સભ્યતાપૂર્ણ વાતચીત અથવા અન્ય લોકોની હાજરીમાં શરઈ હિજાબ સાથે મુલાકાત કરવાની હદ સુધી તો ગુંજાશની વાત સમજી શકાય એવી છે, પરંતુ એકાંતની મુલાકાત, એકાંતમાં હરવું-ફરવું અને જાતીય બાબતો ઉપર ચર્ચા અથવા પરસ્પરની લંબાણપૂર્વકની મર્યાદા વિનાની ચર્ચા અયોગ્ય અને પ્રતિબંધિત છે. આ અંગેનો રસૂલ સ.અ.વ.ના આદેશનો ઉલ્લેખ અગાઉ થઈ ગયો છે. આ બદી અમુક સ્થળે અહીં સુધી પહોંચી ગઈ છે કે લગ્ન અગાઉ જ બન્ને વિવિધ પાશ્ચાત્ય નામ (ડેટીંગ) અને પરંપરા હેઠળ જાતીય આનંદ માણવા લાગે છે; બલ્કે શારીરિક સંબંધની અંતિમ સીમા સુધી જઈ પહોંચે છે. અને ઘણીવાર છોકરીઓ ગર્ભવતી બની જાય છે, અથવા તો ગર્ભપાત કરાવે છે. પછી એમ પણ બને છે કે સમાજમાં બદનામ થવાની બીકે એકબીજાથી દૂર થવા લાગે છે, અથવા જાતીય ઉદ્દેશ્ય પૂર્ણ થઈ ગયા પછી એકબીજાથી કંટાળવા લાગે છે. હવે પરસ્પર ઝઘડા શરૂ થાય છે. છોકરી કે છોકરાને માર્ગમાંથી ખસેડવાની કોશિશ શરૂ થઈ જાય છે. અને અત્યાચાર, હિંસા અને ખૂન તથા લૂંટ-ફાટની વાર્તાઓ જન્મ લે છે. ઈસ્લામ આ ભયંકર માર્ગ સુધી પહોંચતા તમામ રસ્તાઓ અગાઉથી જ બંધ કરી દે છે. ઈસ્લામના શિક્ષણ પ્રમાણે અમલ કરીને જ્યારે કોઈ ના-મહેરમ સગા-સંબંધી (એ પુરુષ અથવા સ્ત્રી જેની સાથે નિકાહ કરવાની શરીઅતે પરવાનગી આપી નથી અથવા જેની સાથે નિકાહ હરામ હોય એવા સંબંધી) સાથે એકાંતમાં

મુલાકાત ટાળવામાં આવશે તો આ બગાડ, આ ગુનો અને આ વિનાશ સામે નહીં આવે.

ત્રીજી વાત એ છે કે સગપણની પસંદગી જ્યારે સમગ્ર જીવન માટે હોય તો જે પરિબળો વિવાહને મજબૂત અને ટકાઉ બનાવતા હોય એવા પરિબળો પણ ધ્યાનમાં રાખવા જોઈએ. આ બાબતમાં વડીલોના સલાહ-સૂચન અને તેમના અભિપ્રાયો પ્રમાણે અમલ કરવાના સારા પરિણામો આવે છે. બીજી બાજુ દીનદારીને પ્રાથમિકતા આપી બન્નેની વચ્ચે સ્વભાવનો મેળ અને સામાજિક સુમેળના તત્ત્વો પણ ધ્યાનમાં રાખવા જોઈએ. મૂળ ઉદ્દેશ્ય પતિ-પત્ની વચ્ચે સુમેળ જાળવવાનો છે. અમુકવાર વૈચારિક મતભેદો જીવન-શૈલીમાં મોટો તફાવત, રહેણી-કરણી અને પદ્ધતિ તેમજ પરંપરાઓમાં તફાવત અને શૈક્ષણિક તથા આર્થિક સ્થિતિમાં નોંધપાત્ર તફાવતના કારણે પણ મતભેદો ઊભા થતા હોય છે, અને તેના કારણે લગ્નનો મૂળ હેતુ પ્રભાવિત થાય છે. આ વસ્તુઓનું મહત્ત્વ જો કે એટલું બધું નથી હોતું કે શરીઅત તેને નિકાહના સંબંધ માટે અપનાવવાનો આદેશ આપે. પરંતુ શરીઅત એમ અવશ્ય ઇચ્છે છે કે સંબંધ ટકાઉ હોવો જોઈએ. જે બાબતો આ ટકાઉપણાની બુનિયાદોને નબળી પાડે છે તેને ધ્યાનમાં રાખવાની તાકીદ શરીઅતે વિવિધ સ્વરૂપે કરી છે. આવા પ્રસંગે બન્નેમાંથી અનિવાર્યપણે કોઈ એક માર્ગ અપનાવવો પડશે. કાં તો બન્ને પક્ષકારોમાં ઈસ્લામી માનસિક વિશાળતા અને સહનશીલતાની શક્તિ હોવી જોઈએ કે તેઓ આ દુન્યવી બાબતોના તફાવતને પોતાની રહેણી-કરણી અને વર્તણૂકમાં વ્યક્ત ન થવા દે. અને આવા સામાજિક તફાવતના કારણે કદિ પણ નિકાહના તકાદાઓને હાનિ ન પહોંચે. જો આમ બનશે તો ઉચ્ચ ઈસ્લામી આદર્શ અને અનુકરણીય નમૂનો બનશે. અને જો આ વલણ દાખવવા શક્તિમાન ન હોય અને એ ભીતિ હોય કે સામાજિક અસમાનતા સંબંધની પવિત્રતા અને પરસ્પરની સંવાદિતા ઉપર તેનો પ્રહાર થતો રહેશે તો નિકાહના ધ્યેય ખાતર તેમણે આવા કજોડા નિકાહથી અળગા રહેવું જોઈએ. તેમણે અગાઉથી જ સમોવડિયા સગપણની, કે જેને અરબીમાં "કફૂ" કે ''કુફ્વ''કહે છે, વ્યવસ્થા કરવી જોઈએ. આ શરીઅતની દૃષ્ટિએ

ઇચ્છનીય છે. આના કારણે નિકાહનો સંબંધ મજબૂત બને છે, રસૂલુલ્લાહ સ.અ.વ. એ ફરમાવ્યું છે :

"હે અલી! ત્રણ વસ્તુઓ એવી છે કે તેમાં વિલંબ ન કરવો જોઈએ. નમાઝમાં કે જયારે સમય થઈ જાય, જનાઝામાં કે જયારે આવી જાય અને છોકરીના નિકાહમાં કે જયારે એનો સમોવડિયો (પતિ) મળી જાય."

(તિર્મિઝી)

પરંતુ જો દીની ચેતના એટલી ઉચ્ચ હોય કે આ સમોવડિયાપણા વિના પણ નિકાહના હેતુઓની અવગણના થવાની ભીતિ ન હોય તેવા પ્રસંગોએ આ બાહ્ય બાબતોનો આગ્રહ અને સમોવડિયાપણાની આગ્રહપૂર્વકની શોધ ઇચ્છનીય લેખાશે નહીં.

ધર્મની બહાર સગપણ

સગપણની પસંદગીમાં કેટલાક સમયથી કેટલાક મુસ્લિમ વર્તુળોમાં એક એવી પ્રથા પ્રવેશવા લાગી છે જેને ગેરકાયદેસર બલ્કે આજીવન વ્યભિચાર ઠેરવવામાં કોઈ પણ દીની વિદ્વાનને મતભેદ હોઈ શકે નહીં. આ બાબત બિનમુસ્લિમ સ્ત્રી અથવા બિનમુસ્લિમ પુરુષ સાથેના લગ્નની છે. એ વાત સ્પષ્ટ છે કે કોઈ મુસ્લિમ મહિલાના લગ્ન કોઈ પણ સંજોગોમાં કોઈ પણ બિનમુસ્લિમ પુરુષ સાથે થઈ શકે નહીં. આવા સગપણને કદાપિ 'નિકાહ' ના પવિત્ર સંબંધનું નામ આપી શકાય નહીં. આ સગપણ પછી શારીરિક સંબંધને ઝિના કહેવામાં આવશે અને આ ઝિના કે વ્યભિચારમાંથી જન્મેલ સંતાનનું વંશ પણ સલામત વંશ કહી શકાય નહીં. તેને વારસાધિકારનો ઇસ્લામી કાયદો લાગુ નહીં પડે. આવી જ રીતે મુસ્લિમ પુરુષને શરીઅત એ આદેશ આપે છે કે તે મુસ્લિમ સ્ત્રીને પોતાની પત્ની તરીકે પસંદ કરે. તેની સાથે નિકાહ કરે. એહલે કિતાબ (યહૂદી અને ખ્રિસ્તી) સ્ત્રીઓ જો પોતાના ધર્મનું પાલન કરનારી અને પતિવ્રતા હોય તો તેમની સાથે મુસ્લિમ પુરુષ નિકાહ કરી શકે છે. આમ છતાં મુસ્લિમ સ્ત્રી સાથે નિકાહને જ પ્રાથમિકતા આપવામાં આવી છે.

"અને તમે મુશ્રિક સ્ત્રીઓ સાથે હરગિજ નિકાહ ન કરતા, જયાં સુધી તેઓ ઈમાન ન લઈ આવે. એક મો'મિન દાસી શિર્ક કરનાર ખાનદાન સ્ત્રી કરતાં

બહેતર છે, પછી ભલે એ તમને ખૂબ ગમતી હોય. અને પોતાની સ્ત્રીઓના નિકાહ મુશ્રિક પુરુષો સાથે કદાપિ ન કરતાં, જ્યાં સુધી તેઓ ઈમાન ન લઈ આવે. એક મો'મિન નોકર મુશ્રિક ખાનદાન પુરુષ કરતાં વધુ સારો છે, પછી ભલે એ તમને ખૂબ ગમતો હોય. આ લોકો તમને આગ તરફ બોલાવે છે અને અલ્લાહ પોતાના આદેશથી તમને જન્નત અને મગફિરત (ગુનાની માફી) તરફ બોલાવે છે." (સૂરઃ અલ-બકરહ-૨૨૧)

અને ફરમાવ્યું : "અને તમે પોતે પણ કાફિર સ્ત્રીઓને પોતાના નિકાહમાં રોકી ન રાખો." *(સૂરઃ મુમ્તહિના-૧૦)*

અને એમ પણ ફરમાવ્યુંઃ "અને સુરક્ષિત સ્ત્રીઓ પણ તમારા માટે હલાલ છે. પછી તેઓ ઈમાનવાળાઓના જૂથ પૈકીની હોય અથવા એ કોમો પૈકીની, જેમને તમારી અગાઉ ગ્રંથ આપવામાં આવ્યા હતા. એ શરતે કે તમે એમના મહેર ચૂકવી નિકાહમાં તેમના રક્ષક બનો, નહીં કે નિરંકુશપણે જાતીય ઇચ્છા સંતોષવા લાગો, અથવા ચોરી-છુપીથી અનુચિત સંબંધો બાંધો" *(સૂરઃ માઈદહ-૫)*

અલ્લાહની વાણીની આ પવિત્ર આયતો ઉપરથી એ બાબત સ્પષ્ટ થઈ ગઈ કે મુસ્લિમ સ્ત્રી ક્યારેય પણ કોઈ બિનમુસ્લિમ પુરુષની પત્ની બની શકતી નથી, પછી એ બિનમુસ્લિમ ગમે તે ધર્મનો અનુયાયી હોય અથવા ધર્મમાં માનતો જ ન હોય. અને મુસ્લિમ પુરુષ માત્ર મુસ્લિમ સ્ત્રી સાથે જ નિકાહ કરી શકે છે. જો કે અપવાદરૂપ સંજોગોમાં એવી એહલે કિતાબ સ્ત્રી સાથે નિકાહ કરી શકે છે જે શુદ્ધ ચારિત્ર્ય ધરાવનાર અને પતિવ્રતા હોય.

આધુનિક ટેકનોલોજીનો પ્રભાવ જ્યાં જીવનના અન્ય ક્ષેત્રો પર પડ્યો છે ત્યાં સગપણની શોધખોળ માટે પણ હવે આ ટેકનોલોજીનો ઉપયોગ થઈ રહ્યો છે. ઇન્ટરનેટ ખોલો તો યુવક-યુવતીઓ પોતાના સગપણનો સંદેશ અત્યંત આકર્ષક રીતે રજૂ કરતા જોવા મળશે. ઇન્ટરનેટ ઉપર ફોટો, વ્યક્તિગત વિગતો અને કૌટુંબિક દરજ્જાનો ઉલ્લેખ કરવામાં આવે છે. અને પોતાની પસંદગી અને પ્રાથમિકતાઓનો પણ ઉલ્લેખ કરવામાં આવે છે. જો સગપણ પસંદ પડે તો ઇન્ટરનેટ ઉપર જ તેની સાથે વાતચીત પણ શરૂ કરી દેવામાં આવે છે. યુવક-યુવતીઓ પોતે જ એક બીજા સાથે મુક્તપણે વાતચીત અને ગમા-અણગમાનું આદાન-પ્રદાન કરે છે. આ વાતચીત અમુક વખતે તો અસંખ્ય સ્થળે ચાલતી હોય

છે, અને જ્યારે બન્ને એકબીજાને પસંદ કરી લે છે ત્યારે સગપણની કાર્યવાહી શરૂ કરવામાં આવે છે.

ઈન્ટરનેટ ઉપર નક્કી કરાતા આ સગપણમાં શરીઅતની દૃષ્ટિએ અનેક બદી રહેલી છે. આ સગપણ ગુનાહિત હોવા ઉપરાંત સામાજિક દૃષ્ટિએ પણ તેનો પાયો મજબૂત હોતો નથી અને આવા સગપણ નિષ્ફળતામાં પરિણમે છે. ઈન્ટરનેટ અને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા નક્કી કરાતા સગપણોમાં પુષ્કળ પ્રમાણમાં છેતરપિંડી, દગાબાજી અને જુઠ્ઠાણાં ભળેલા હોય છે. આવા સગપણોના ભયંકર પરિણામોના સમાચારો દરરોજ વાંચવા મળે છે. જે લોકો દીની ચેતના ધરાવે છે તેમણે જાણી લેવું જોઈએ કે સુંદર સુશોભિત ફોટા ના-મહેરમ પુરુષોને જોવા માટે ઈન્ટરનેટ ઉપર મૂકવાનું કૃત્ય ગુનાહિત છે. આવી જ રીતે અજાણ્યા છોકરા-છોકરી પરસ્પર તમામ બાબતો અંગે મુકતપણે વિચાર-વિનિમય કરે અને કલાકો સુધી ઠઠ્ઠા-મશ્કરીઓથી શરૂ કરી જાતીય બાબતો અંગે ચર્ચા કરે, તો એ નાજાઈઝ અને હરામ છે. આ બાબત કોઈ અજાણી સ્ત્રી સાથે કોઈ પુરુષની એકાંતમાં મુલાકાત સમાન છે જે હરામ હોવાનો ઉલ્લેખ અમે અગાઉ કરી ચૂક્યા છીએ. વળી ખોટી વિગતોના આધારે નક્કી થનાર સગપણ હકીકતો જાહેર થતાં જ પોકળ બની જાય છે અને નફરત તથા દુશ્મનાવટના વાતાવરણમાં સંબંધ-વિચ્છેદ (છૂટા છેડા) માટે નાસભાગ થાય છે. પરંતુ જો આ બદીઓથી સુરક્ષિત રહી શરીઅતની મર્યાદા અને સંસ્કાર જાળવીને કોઈ વ્યક્તિ સગપણની શોધ કરે અને નિકાહ કરવામાં આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરે તો ઈસ્લામ તેની છૂટ આપે છે.

અત્યાર સુધીની વિગતોથી આપને એ બાબતે ખ્યાલ આવી શકે છે કે નિકાહના સંબંધો ટકાઉ, સુમેળપૂર્ણ અને સંતોષપ્રદ બનાવવા માટે ઈસ્લામી શરીઅતે કેવી કેવી રીતે ક્યું બુદ્ધિગમ્ય માર્ગદર્શન આપ્યું છે, અને દરેક બાબત આવરી લીધી છે. શરીઅતના સામાન્ય આદેશો અને માનવીના લાંબા અનુભવોને દૃષ્ટિ સમક્ષ રાખી નિઃશંકપણે એમ કહી શકાય કે સામાન્ય સંજોગોમાં વ્યક્તિએ પોતાના પ્રેમાળ અને ઉપકારક માતા-પિતાની પસંદગીને પ્રાથમિકતા આપવી જોઈએ. માતા-પિતા પોતે પણ બાળકો સાથે સલાહ-મસ્લત કરશે, તેમને વિગતોથી વાકેફ

કરશે અને તેમની મરજી જાણવાની કોશિશ કરશે. સંતાન પોતાની મરજી અને પસંદગી જણાવવાની સાથે સાથે માતા-પિતાના અનુભવ અને એમની પ્રેમપૂર્ણ પસંદગીને પણ મહત્ત્વ આપે. બન્નેની સંમતિ સાથે જે સગપણ થશે તેમાં ઇન્શાઅલ્લાહ ભલાઈ હશે.

આ જ ભલાઈ-ખૈર-ની દુઆ નિકાહની વિધિ પછી પઢવાની તાલીમ રસૂલુલ્લાહ સ.અ.વ.એ આપી છે. **બારકલ્લાહુ લક વ બારિક અલૈક વ જમઅ બૈ નકુમ ફિલ ખૈર.** *(તિર્મિઝી: ૧૦૧૧)*

"અલ્લાહ તમને બરકત અતા કરે અને તમારા પર બરકત ઉતારે અને તમને બંનેને ભલાઈ ઉપર એકઠા કરી દે."

ગણ્યા-ગાંઠ્યા કિસ્સામાં એવી શક્યતા નકારી શકાય નહીં કે માતા-પિતા પોતાના બાળકોના હિતો અને તેમના ભાવિની અવગણના કરી ક્ષણિક આવેગમાં એવી જગ્યાએ એના સગપણ નક્કી કરી દે જ્યાં તેમનું જીવન સુમેળપૂર્ણ ન રહે અને સગપણ ટકાઉ ન પણ બને. આવા સંજોગોમાં શરીઅતે પોતે ઉદારતાપૂર્વક સંતાનને એ છૂટ આપી છે કે તે માતા-પિતાના એ પ્રેમ અને વહાલ-વિહોણા નિર્ણયનો ઇન્કાર કરી દે. આવો જ એક પ્રસંગ ખુદ રસૂલુલ્લાહ સ.અ.વ. સમક્ષ બન્યો અને આપ સ.અ.વ.એ પ્રશ્ન પૂછનાર છોકરીને સ્પષ્ટપણે કહ્યું કે તમારા પિતાના આવા વલણને તમે સ્વીકારી અમલમાં મૂકો એ જરૂરી નથી. (બુખારી, હદીસ નં.૪૭૪૩)

રસૂલ સ.અ.વ.નું માર્ગદર્શન
(પ્રથમ અને અંતિમ માર્ગદર્શન)

ધ્યાનપૂર્વક જોઈએ તો જીવન શું છે ? એક સતત અનુભવનું બીજું નામ છે. માનવ પોતે અત્યંત જુલ્મી અને અજ્ઞાની છે. તેથી જ માનવ અનુભવોને સુરક્ષિત રાખવામાં આવે છે જેનો લાભ આવનારી પેઢીઓને મળે છે. ઇસ્લામે આ અનુભવોનો લાભ લેવાને યોગ્ય ઠેરવ્યું છે. પરંતુ શરીઅતનું આગમન માનવીના કલ્યાણ, સુધારણા અને મુક્તિ માટે થયું છે. માનવીનો સર્જક તેની દરેક પ્રકારની જરૂરિયાત અને ભાવિ શક્યતાઓથી વાકેફ છે. આથી તેણે માનવ જાત ઉપર

કૃપા કરી તેને એવી જીવન પદ્ધતિથી વાકેફ કર્યો છે જે તેને દુનિયામાં પ્રસન્નતા આપે અને આખિરતમાં પણ સફળ બનાવે. શરીઅતે ચીંધેલ જીવન-માર્ગ જ માનવ-સ્વભાવને સુસંગત છે અને તેની જરૂરિયાત છે. જીવન જેમ જેમ પસાર થાય છે, તેમ તેમ તેનું રહસ્ય ખુલતું જાય છે. જે વ્યક્તિ આ જીવન-માર્ગનો મુસાફર બની ઇચ્છિત મંઝિલ ઉપર પહોંચી જાય એ બુદ્ધિશાળી છે. માનવતાના ઉપકારકે પણ આ જ માર્ગ ચીંધ્યો છે. અને તેના અમુક અંશો અમોએ આ પુસ્તિકામાં રજૂ કર્યા છે.

અન્ય તમામ સમસ્યાઓની જેમ સગપણની પસંદગી માટે પણ આપણે રસૂલે કરીમ સ.અ.વ.એ ચીંધેલા માર્ગને માર્ગદર્શક બનાવી લઈએ તો આપણા ઘરોમાં વસંત-ઋતુનું આગમન થઈ, આપણા સંબંધો સુમેળપૂર્ણ બનશે અને આપણે લગ્નનો શાશ્વત આનંદ માણી સફળતા પ્રાપ્ત કરી શકીશું.

આવો, આપણે પ્રતિજ્ઞા લઈએ કે પશ્ચિમમાંથી આગમન કરેલ પસંદગીની પદ્ધતિ આપણે તેને જ પરત કરી દઈશું. સગપણની પસંદગીમાં રસૂલે અકરમ સ.અ.વ.ના આદેશોને પોતાના માર્ગદર્શક બનાવીશું. અને અલ્લાહના આ માર્ગ પર ચાલીને એવા સુમેળપૂર્ણ સમાજની રચના કરીશું કે પોતાની ભૂંડી દશાથી બરબાદ થયેલ પશ્ચિમ આપણા આ જ નમૂના-આદર્શને અપનાવવામાં પોતાની મરજીનો ઉપચાર અને માંદગીનો ઇલાજ માનવા માટે મજબૂર થઈ જશે.